Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

અબ તો એક ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 07 ■ તા. 15-02-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

કોંગ્રેસ આતંકવાદીઓને ખભે બેસાડી દેશના ભાગલા પાડવા માંગે છે : મોદી

ડિબ્રુગઢ, તા.૧૪

આસામમાં ચાલુ વર્ષ વિધાનસભાની ચૂંટણી આવશે તે પહેલા જ રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે. ચૂંટણી રણમાં રાજનૈતિક પાર્ટીઓએ પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. આ વચ્ચે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આસામના ડિબ્રુગઢમાં વાયુસેનાના **C-130** એરક્રાફ્ટથી પહોંચ્યા હતા. મોરાન બાયપાસ પર ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી **(ELF)** પર લેન્ડિંગ કર્યું હતું. જે બાદ ૩,૦૩૦ કરોડના ખર્ચે બ્રહ્મપુત્ર નદી પર બનેલા ભાસ્કર વર્મા સેતુ અને **IIM** ગુવાહાટીના ટેમ્પરરી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ દરમિયાન વડા પ્રધાન મોદીએ જંગી જનસભાને સંબોધન કર્યું હતું, જેમાં પહેલાના કોંગ્રેસ શાસન પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર તરફથી આસામને તમામ વિકાસ પરિયોજનાઓ માટે ૫.૫૦ લાખ કરોડ રૂપિયાથી વધુ મળ્યા છે. જે કોંગ્રેસ આસામના વિકાસ માટે પૈસા આપવાથી બચતી હોય, તે કોંગ્રેસ આસામનો વિકાસ ક્યારેય નહીં કરી શકે

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે પુલવામા હુમલાની વરસી પણ છે. હું આ હુમલામાં જીવ ગુમાવનારા ભારતના વીર સપૂતોને નમન કરું છું. આ હુમલા બાદ ભારતે જે રીતે આતંકવાદીઓને સજા આપી તે આખી દુનિયાએ જોયું. શું દેશહિત માટે આટલું સાહસ કરવાની હિંમત કોંગ્રેસમાં હતી? કોંગ્રેસ નેતાઓ નિવેદન આપીને છૂટા થઈ ગયા હોત. આજની કોંગ્રેસ તો દેશનું ખરાબ વિચારનારા આતંકવાદીઓને ખભે બેસાડે છે. સ્વતંત્રતા સમયે મુસ્લિમ લીગે દેશના ભાગલા પડાવ્યા. હવે આજની કોંગ્રેસ એટલે કે મુસ્લિમ લીગ માઓવાદી કોંગ્રેસ **MMC** બનીને દેશના ભાગલા પાડવા પ્રયાસ કરી રહી છે. તેથી આસામની જનતાએ કોંગ્રેસથી સાવધાન થઈ જવાની જરૂર છે.

કોંગ્રેસના શાસન દરમિયાન, **3G** અને **4G** ટેકનોલોજી રજૂ કરવામાં આવી હતી, અને રજી કૌભાંડ થયું હતું, પરંતુ કોંગ્રેસ પાર્ટીએ આસામ અને નોર્થ-ઈસ્ટમાં તેનો ઝડપથી વિસ્તાર કરવા માટે સખત મહેનત કરી ન હતી. દેશમાં ૬ **AIIMS** હતી, પરંતુ આજે ૨૦થી વધુ છે. ગુવાહાટી ઉપરાંત, આસામમાં ઘણી મેડિકલ કોલેજો ખોલવામાં આવી, ગઈકાલે, પ્રધાનમંત્રી રાહત યોજનાને મંજૂરી મળી જેથી હવે અકસ્માતમાં ઈજા થવા પર કેન્દ્ર સરકાર ૧.૫૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપશે.

વધુમાં વડા પ્રધાને કહ્યું કે કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિ, તેની વોટ બેંક નીતિઓ, હંમેશા વોટ બેંકના ચશ્મા દ્વારા બધું જોતી હતી. કોંગ્રેસના શાસન દરમિયાન, કેન્દ્ર સરકારની યોજનાઓને આસામ સુધી પહોંચવામાં વર્ષો લાગ્યા. ભાજપે હંમેશા નોર્થ-ઈસ્ટના વિકાસને પ્રાથમિકતા આપી, આસામમાં એક સેમિકન્ડક્ટર પ્લાન્ટ પણ બની રહ્યો છે, આસામી ચાની જેમ, આસામી ચિપ્સની પણ દુનિયાભરમાં ચર્ચા થશે. ચાથી લઈને ચિપ્સ સુધી આસામની વિકાસ યાત્રા સ્પષ્ટ દેખાય છે. હું આસામને વચન આપું છું કે, તમે મને આપેલો પ્રેમ હું વિકાસ દ્વારા વ્યાજ સહિત પરત કરીશ.

આઝાદીના સમયે મુસ્લિમ લીગે દેશના ભાગલા કરાવ્યા. આજની કોંગ્રેસ મુસ્લિમ લીગ બનીને દેશના ભાગલા કરવા માંગે છે.

અહીંના યુવાનોને કોંગ્રેસનું કુશાસન યાદ નહીં હોય, કોંગ્રેસની સરકાર ભલે આસામની હોય કે દિલ્હીની, તેમણે આસામને તેના હાલ પર છોડી દીધું હતું. કોંગ્રેસે દેશને ખતરામાં મૂકી રાખ્યો હતો. કોંગ્રેસે જ્યારે પણ સેના માટે હથિયારો ખરીદ્યા, તેનો અર્થ હજારો કરોડનો કૌભાંડ હતો. દેશ પોતાની સેનાઓને મજબૂત કરી રહ્યો છે. ભારત સરહદો પર શાનદાર હાઈવે, ટનલ, બ્રિજ બધું બનાવી રહ્યું છે, દેશની સુરક્ષા વધારી રહ્યું છે, તેથી કોંગ્રેસ ગભરાયેલી છે કે મોદી આ બધું કરી કેવી રીતે લે છે.

ડેમોક્રેટ સેનેટરે ત્રીજા દેશમાં દેશનિકાલની કાર્યવાહીને ખર્ચાળ, નકામી, અવિચારી ગણાવી

૩૦૦ ઈમિગ્રન્ટ્સના દેશનિકાલ માટે અમેરિકાએ રૂ.૩૬૦ કરોડ ખર્ચ્યા

ગયા વર્ષે માર્ચમાં અલ સાલ્વાડોરમાં ૨૫૦ વેનેઝુએલાના ૨૫૦ નાગરિકોને મોકલવામાં આવ્યા હતાં, જ્યારે બીજા દેશોમાં આ સંખ્યા ઘણી ઓછી હતી

વોશિંગ્ટન, તા.૧૪

અમેરિકાના ટ્રમ્પ વહીવટીતંત્રે આશરે ૩૦૦ ઈમિગ્રન્ટ્સને તેમના પોતાના દેશો સિવાયના કોઈ ત્રીજા દેશમાં દેશનિકાલ કરવા માટે આશરે રૂ.૩૬૦ કરોડ (૪ કરોડ ડોલર)નો જંગી ખર્ચ કર્યો હતો. અમેરિકામાં ગેરકાયદે વિદેશીઓને ઝડપથી તગેડી મૂકવાના ટ્રમ્પના આદેશનું ગયા વર્ષથી ઈમિગ્રેશન અધિકારીઓ પાલન કરી રહ્યાં છે, પરંતુ તેનાથી સરકારને જંગી ખર્ચ પણ થઈ રહ્યો છે, એમ સેનેટ ફોરેન રિલેશન્સ કમિટીના ડેમોક્રેટિક સ્ટાફે તૈયાર કરેલા એક અહેવાલમાં જણાવાયું હતું. સેનેટર જીની શાહીનના વડપણ હેઠળની ફોરેન રિલેશન્સ સમિતિના ડેમોક્રેટ્સે આ રિપોર્ટમાં ત્રીજા દેશમાં દેશનિકાલની પ્રથાને ખર્ચાળ, નકામી અને નબળી દેખરેખવાળી ગણાવીને આકરી ટીકા પણ કરી હતી. સમિતિએ મોટાભાગે અંધારામાં તીર ચલાવવા જેવી આ નીતિની ગંભીર સમીક્ષા કરવાની પણ હાકલ કરી હતી. ત્રીજા દેશમાં દેશનિકાલના પ્રોગ્રામ હેઠળ વાટાઘાટો પર પર દેખરેખ રાખતા વિદેશ વિભાગે તેનો બચાવ કરી જણાવ્યું હતું કે તે ગેરકાયદેસર ઈમિગ્રેશનને બંધ કરવાના ટ્રમ્પના અભિયાનના એક મહત્ત્વનો હિસ્સો છે. ગયા મહિને સેનેટની સુનાવણીમાં ત્રીજા દેશમાં દેશનિકાલ અંગે સવાલ કરવામાં આવતાં વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે અમે ગેંગના સભ્યોની ધરપકડ કરી છે અને તેમને દેશનિકાલ કર્યા છે. અમે અમારા દેશમાં ગેંગના સભ્યો રાખવા માગતા નથી. રિપોર્ટમાં બહાર આવ્યું છે કે ઈક્વેટોરિયલ ગિની, રવાન્ડા, અલ સાલ્વાડોર, એસ્વાટિની અને પલાઉ સહિતના પાંચ દેશોમાં ગેરકાયદે માઈગ્રન્ટ્સ ડિપોર્ટ કરવા માટે આ દેશોને ૪૭ લાખ ડોલરથી ૭૫ લાખ ડોલરની મોટી રકમ ચુકવવામાં આવી હતી.ગયા વર્ષે માર્ચમાં અલ સાલ્વાડોરમાં ૨૫૦ વેનેઝુએલાના ૨૫૦ નાગરિકોને મોકલવામાં આવ્યા હતાં, જ્યારે બીજા દેશોમાં આ સંખ્યા ઘણી ઓછી હતી. ઈક્વેટોરિયલ ગિની ૨૯ ઈમિગ્રન્ટ્સે મોકલવામાં આવ્યા હતાં અને અત્યાર સુધી પલાઉ એક પણ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરાયો નથી. આ અહેવાલમાં માત્ર પાંચ દેશમાં ડિપોર્ટ કરાયેલા ઈમિગ્રન્ટ્સને આંકડા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ૪૭ દેશો સાથે ડિપોર્ટેશન અંગેની સમજૂતી અંગે વાટાઘાટો ચાલે છે. આમાંથી ૧૫ સાથે સમજૂતી થઈ ગઈ છે અને ૧૦ દેશો સાથે સમજૂતી થવાની તૈયારી છે. આંતરિક દસ્તાવેજો અનુસાર વહીવટીતંત્ર એવા દેશો સાથે પણ કરારો પર વાટાઘાટો કરી રહ્યું છે જે યુએસમાં શરણાર્થી બનવા માગે છે. ઈમિગ્રેશન તરફેણ કરતાં સંગઠનો ત્રીજા દેશમાં દેશનિકાલની આ નીતિને એક અવિચારી પગલું માને છે. તેઓ જણાવ્યું છે કે આવી કાર્યવાહીમાં યોગ્ય નિયમોનું પાલન કરાતું અને માનવાધિકારોનું ઉલ્લંઘન થાય છે. ભ્રષ્ટાચારનો લાંબો ઈતિહાસ ધરાવતા દેશોમાં લોકો ફસાઈ જાય તેવું જોખમ રહે છે.

કેસોનો નિકાલ ન્યાયતંત્રના કાર્યક્ષેત્ર હેઠળઃ મેઘવાલ

દેશભરની અદાલતોમાં ૪.૭૬ કરોડથી વધુ કેસો પેન્ડિંગ

લોકસભામાં કાયદા અને ન્યાય મંત્રાલયે આપેલી ચિંતાજનક માહિતી, રૂપિયા ૬.૩૩ લાખ કેસ વિવિધ હાઈકોર્ટમાં પડતર

નવી દિલ્હી, તા.૧૪

સરકાર અને ન્યાયતંત્રે કેસોનો ઝડપથી નિકાલ માટે વિવિધ પગલાં લીધા હોવા છતાં દેશોમાં પેન્ડિંગ કેસોની સંખ્યામાં ચિંતાજનક દરે વધારો થઈ રહ્યો છે અને ઝડપથી ન્યાય મેળવવાનું મુશ્કેલ બન્યું છે. હાલમાં દેશભરની અદાલતોમાં આશરે ૪.૭૬ કરોડ કેસો પેન્ડિંગ પડ્યાં છે. આમાંથી ૬૩.૬૬ લાખ કેસો વિવિધ રાજ્યોમાં હાઈકોર્ટમાં અને ૯૨,૧૦૧ કેસો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. દેશની સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યામાં ત્રણ વર્ષમાં આશરે ૧૨ ટકાનો વધારો થયો છે, જ્યારે ૨૫ હાઈકોર્ટમાં આ કેસો આશરે ૫ ટકા વધ્યાં છે. શુક્રવારે કાયદા અને ન્યાય મંત્રાલયે લોકસભામાં આ માહિતી આપી હતી. લોકસભામાં એક પ્રશ્નના સવાલમાં રાજ્ય કક્ષાના કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી (સ્વતંત્ર હવાલો) અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ પર ઉપલબ્ધ ડેટા મુજબ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ અને બીજા નીચલી અદાલતોમાં કુલ ૪.૭૬ કરોડ કેસો પેન્ડિંગ હતાં. આ સમયગાળા સુધીમાં સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ૯૨,૧૦૧ હતી, જે છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૧.૪૦ ટકાનો મોટો વધારો દર્શાવે છે. બીજી તરફ વિવિધ રાજ્યોની હાઈકોર્ટમાં ૬૩.૬૬ લાખ કેસો પેન્ડિંગ હતાં, જે આ સમયગાળામાં આશરે ૪.૭૫ ટકાનો વધારો દર્શાવે છે. સત્તાવાર ડેટામાં જણાવ્યા મુજબ વિવિધ રાજ્યોની હાઈકોર્ટમાં અલ્હાબાદ હાઈકોર્ટમાં સૌથી વધુ આશરે ૧૨.૦૭ લાખ કેસ પેન્ડિંગ હતાં. આ ઉપરાંત બોમ્બે હાઈકોર્ટમાં આશરે ૬.૬૪ લાખ, રાજસ્થાન હાઈકોર્ટમાં ૬.૮૭ લાખ કેસો પડતર હતાં. ડિસ્ટ્રિક્ટ અને બીજા અદાલતોમાં આવા કેસોમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૫.૮૪ ટકાનો વધારો થયો હતો અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કુલ સંખ્યા વધીને ૪.૭૬ કરોડ થઈ હતી. રાજ્યવાર ડેટા દર્શાવે છે કે એકલા ઉત્તરપ્રદેશમાં જિલ્લા અને બીજી નીચલી અદાલતોમાં ૧.૧૩ કરોડ પેન્ડિંગ કેસ છે. મહારાષ્ટ્રમાં આ સંખ્યા ૫૯.૨૬ લાખ અને અને પશ્ચિમ બંગાળમાં ૩૮.૩૫ લાખ હતી. મંત્રીએ જણાવ્યું હતું કે કેસોનો નિકાલ ન્યાયતંત્રના વિશેષ કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.

સરકારે ઝડપી નિકાલ માટે ઈકોસિસ્ટમ પૂરી પાડવા માટે ઘણી પહેલ કરી છે.રાજ્ય કક્ષાના કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે કેસોનો નિકાલ ન્યાયતંત્રના વિશેષ કાર્યક્ષેત્રમાં આવે છે. જોકે કેન્દ્ર સરકાર બંધારણની કલમ ૨૧ હેઠળ ફરજિયાત કેસોના ઝડપી નિકાલ અને પેન્ડિંગ કેસોમાં ઘટાડવા માટે પ્રતિબદ્ધ છે, સરકારે આ સમસ્યાના ઉકેલ માટે નેશનલ મિશન ફોર જસ્ટિસ ડિલિવરી એન્ડ લિગલ રિફોર્મ, લોક અદાલતોને પ્રોત્સાહન, વિવિધ કાયદાઓમાં સુધારો, ઈ-કોર્ટ પ્રોજેક્ટ્સનો અમલ જેવા પગલાં લીધા છે.

શંકરાચાર્ય વિવાદ પર અવિમુક્તેશ્વરાનંદનો પલટવાર

જો તમે ખરેખર યોગી છો, તો સત્તા અને મુખ્યમંત્રી પદ કેવી રીતે સ્વીકારી શકો?

તેમણે કહ્યું કે, આદિત્યનાથ નામની વ્યક્તિ પોતે એક એવું ઉદાહરણ છે જેમના પર ભૂતકાળમાં ૪૦થી વધુ ગુનાહિત કેસો નોંધાયેલા હતા

અયોધ્યા, તા.૧૪

ઉત્તર પ્રદેશના રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે અત્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વચ્ચે ભારે નિવેદનબાજી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આપેલા નિવેદન કે, દરેક વ્યક્તિ પોતાની જાતને શંકરાચાર્ય કહી શકતી નથી અને કોઈ પણ કાયદાથી ઉપર નથી, તેની સામે શંકરાચાર્યએ આકરો પલટવાર કર્યો છે.

આ અંગે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, સનાતન પરંપરામાં શંકરાચાર્યની ઓળખ કોઈ રાજકીય પ્રમાણપત્ર કે સરકારી માન્યતાથી નક્કી થતી નથી. તેમણે યોગી આદિત્યનાથ પર સીધું નિશાન સાધતા કહ્યું કે, જો તમે ખરેખર યોગી છો, તો સત્તા અને મુખ્યમંત્રી પદ કેવી રીતે સ્વીકારી શકો? રાજા યોગી બની શકે, પણ સાચો યોગી ફરીથી રાજા નથી બનતો. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આકરા પ્રહાર કરતા એક ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, આદિત્યનાથ નામની વ્યક્તિ પોતે એક એવું ઉદાહરણ છે જેમના પર ભૂતકાળમાં ૪૦થી પણ વધુ ગુનાહિત કેસો નોંધાયેલા હતા. જોકે, સત્તામાં આવતાની સાથે જ તેમણે પદનો ઉપયોગ કરીને પોતાના પરના તમામ કેસો પાછા ખેંચી લીધા હતા. મુખ્યમંત્રી યોગીએ માઘ મેળા દરમિયાન થયેલા વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું હતું, પ્રયાગરાજના માઘ મેળામાં સાડા ચાર કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા, ત્યારે ત્યાં વ્યવસ્થા અને સુરક્ષા સર્વોપરી છે. સ્નાન કર્યા બાદ શ્રદ્ધાળુઓ એક્ઝિટ ગેટથી બહાર નિકળી રહ્યા હોય, ત્યારે તે ગેટથી કોઈએ અંદર આવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.'

તેમણે ચેતવણી આપી છે કે, 'આવી રીતે આવવાથી નાસભાગ થવાની આશંકા વધી જાય છે અને શ્રદ્ધાળુઓના જીવનને મોટું નુકસાન થઈ શકે છે. એક જવાબદાર અને મર્યાદિત વ્યક્તિ ક્યારેય આવા પ્રકારનું આચરણ ન કરી શકે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'જો સમાજવાદી પાર્ટીના લોકો કોઈને પૂજવા ઈચ્છે છે તો પૂજે, પરંતુ સરકાર મર્યાદિત લોકોની છે અને તે કાયદાના શાસનમાં વિશ્વાસ રાખે છે. સરકારની પ્રાથમિકતા વ્યવસ્થા જાળવવાની અને શ્રદ્ધાળુઓની સુરક્ષા કરવાની છે.'

આ વિવાદમાં હવે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ પણ કૂદી પડ્યા છે. યોગી આદિત્યનાથના નિવેદનનો જવાબ આપતા તેમણે કહ્યું કે, માત્ર ભગવા વસ્ત્રો પહેરવાથી કે કાન વીંધાવવાથી કોઈ યોગી બની જતું નથી, સંતોનું હંમેશા સન્માન થવું જોઈએ.

સીએમ યોગીના કાયદાના પાલન અને પરંપરાઓના તર્ક સામે વિપક્ષ હવે સંતોના સન્માનના મુદ્દે મેદાને પડ્યો છે, જેના કારણે ઉત્તર પ્રદેશમાં આ ધાર્મિક વિવાદ હવે એક મોટા રાજકીય યુદ્ધમાં ફેરવાઈ રહ્યો છે.

યોગીએ કહ્યું દિલ્હી તમે જશો તો શ્વાસ નહીં લઈ શકો

મુખ્યમંત્રી યોગીએ દિલ્હીની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી

લખનૌ, તા.૧૪

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે ૧૪ ફેબ્રુઆરીના રોજ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ગોરખપુરના જંગલ કોડિયા બ્લોકમાં પુન નિર્માણ પામેલા બીડીઓ કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં દિલ્હીની **AQI**(એર ક્વોલિટી ઈન્ડેક્સ)ની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી હતી.

દેશની રાજધાની દિલ્હીમાં અનેક વખત વિપક્ષ ખરાબ હવાનો મુદ્દો ઉઠાવી હાલની ભાજપ સરકારને ઘેરી રહ્યું છે તેવામાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ દિલ્હીની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી દેતા વિપક્ષને પ્રહાર કરવાનો મોકો આપી દીધો છે.

પર્યાવરણ અંગે વાતચીત કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે, આજે દુનિયા સામે સૌથી મોટો પડકાર પર્યાવરણ નુકસાનનો છે. તમે જુઓ કે અહીં પર્યાવરણ કેવું સરસ છે કોઈ પ્રદૂષણ નથી, જો પ્રદૂષણ ન હોય તો બીમારી પણ ન હોય, જ્યારે પ્રદૂષણ થશે ત્યારે ફેંફસાને નુકસાન પહોંચશે. જો ઓક્સિજન સપ્લાય કરતું મશીન જ ખરાબ થઈ જાય ત્યારે સંપૂર્ણ શરીર ખરાબ થઈ જશે.

વધુમાં તેમણે દિલ્હીના પ્રદૂષણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તમે જાઓ દિલ્હીની હાલત શું છે? એવું લાગે છે ત્યાં ગેસ ચેમ્બર બની ગયું છે. હાલત ખરાબ છે. તમે હવામાં શ્વાસ પણ નહીં લઈ શકો આંખોમાં બળતરા થશે. ત્યાં ડોકટરોનું કહેવું છે કે જેમને અસ્થમા અને બીજી બીમારીઓ છે તેવા વૃદ્ધ અને બાળકોએ ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ, શું આ જિંદગી છે? જ્યારે જ્યારે પર્યાવરણ સાથે કોઈ છેડછાડ કરશે ત્યારે આવી સ્થિતિ ઊભી થશે. આપણે નસીબદાર છીએ કે અહીં વિકાસ પણ છે સાથે દમ ઘૂંટે તેવો માહોલ નથી

મહત્વનું છે કે ગત ડિસેમ્બર મહિનામાં **AQI** સતત ૪૦૦થી ૪૫૦ને પાર જઈ રહ્યો હતો, જે બાદ **UK**, કેનેડા, સિંગાપોર હાઈ કમિશને પોતાના નાગરિકો માટે એડવાઈઝરીમાં કહ્યું હતું કે ખાસ કરીને દિલ્હી-દ્રઝઇમાં રહેતા અથવા મુસાફરી કરતાં નાગરિકો સતર્ક રહે તથા છઊં જોઈ પ્રવાસ કરે, બીજી તરફ જાન્યુઆરીમાં રાહુલ ગાંધીએ પણ દિલ્હીના પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરતાં પોસ્ટ કરી હતી કે 'આ સંકટને માત્ર શિયાળો પૂરો થતા ભૂલી જવું જોઈએ નહીં. તમારો અવાજ બુલંદ છે, તેથી તમારે અવાજ બુલંદ કરવો મારી જવાબદારી છે. ઝેરી હવાનો સૌથી વધુ ખરાબ અનુભવ બાળકો અને વૃદ્ધોને થઈ રહ્યો છે. પ્રદૂષણને કારણે લાદવામાં આવતા પ્રતિબંધો અને ખરાબ હવાને લીધે આ ગરીબ વર્ગની આજીવિકા પર સીધી અસર પડી રહી છે. કરોડો સામાન્ય ભારતીયો દરરોજ આ બોજ સહન કરવા મજબૂર બન્યા છે.

08-02-2026_05 Jan Fariyad_New_P-1

પોન્જી સ્કીમના સંચાલક વિરુદ્ધ રૂપિયા ૫૨.૨૪ લાખની છેતરપિંડીની ફરિયાદ

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લામાં વધુ એક પોન્જી સ્કીમના સંચાલકોએ રોકાણકારોના રૂ.૫૨.૨૪ લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં એપી ગ્રુપના સંચાલકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રો અનુસાર, ખેડબ્રહ્માના ચીખલી ગામે સુનીલ લક્ષ્મણભાઈ બુબડીયા સહિત અન્ય રોકાણકારોએ ગત તા.૧-૭-૨૦૨૩થી ૨૪-૧૦-૨૦૨૪ના સમયગાળા દરમિયાન એપી ગ્રુપના સંચાલક અને હિંમતનગરના ધાણધામાં રહેતા અનિલસિંહ પ્રદિપસિંહ પરમાર તથા તેમના સાગરીતોએ શરૂ કરેલી સ્કીમોમાં નાણાંનું રોકાણ કર્યું હતું. ચીખલી ગામના સુનીલ બુબડીયા તથા દાંતા, ખેડબ્રહ્મા તથા હડાદ તાલુકાના મળી ૧૬ રોકાણકારોનો વિશ્વાસ કેળવી રોકાણ ઉપર ૩થી ૪ ટકા વ્યાજની લાલચ આપીને અનિલસિંહ પરમારે તેમની ઓફિસમાં બોલાવી રૂ. ૬૬.૯૦ લાખનું રોકાણ કરાવ્યું હતું.તે પછી એપી ગ્રુપના સંચાલકોએ રોકાણકારોનો વિશ્વાસ જીતી લેવા માટે તબક્કાવાર રૂ. ૧૪.૬૫ લાખ પરત આપ્યા હતા અને બાકીના રૂ. ૫૨.૨૪ લાખ રોકાણકારોને પરત આપ્યા વિના એપી ગ્રુપના સંચાલકોએ હિંમતનગર સહિત અન્ય ઠેકાણે પોન્જી સ્કીમના રૂપાળા નામે શરૂ કરેલી આલિશાન ઓફિસો બંધ કરી દીધી હતી.

જોકે, તત્કાલિન સમયે રોકાણકારોને ખબર પડી ન હતી, તેમ છતાં કેટલાક રોકાણકારોએ અનિલસિંહ પરમારનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં કોઈ સફળતા મળી ન હતી. જેથી રોકાણકારોને આ એપી ગ્રુપના પોન્જી સ્કીમના સંચાલકોમાંથી વિશ્વાસ ઉઠી ગયો હતો.ત્યારબાદ રોકાણકારોએ અનેક ઠેકાણે તપાસ કરવા છતાં કોઈ અત્તોપત્તો ન મળતાં આખરે ગુરુવારે ચીખલી ગામના સુનિલ બુબડીયા તથા અન્ય રોકાણકારોએ અનિલસિંહ પરમાર વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, અનિલસિંહ પરમાર વિરુદ્ધ હિંમતનગર સાયબર ક્રાઈમમાં પણ અગાઉ ફરિયાદ નોંધાયા બાદ હજુ સુધી અનિલસિંહ પરમાર તથા પરિવારજનો પોલીસના હાથે લાગ્યા નથી તેવું આધારભુત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ગોંડલ માર્કેટિંગ યાર્ડની પેઢીઓના નામે ૪૦૦ કરોડનું દેશવ્યાપી સાયબર કૌભાંડ

રાજકોટ, તા.૧૪

રાજકોટ ગ્રામ્ય પોલીસે 'ઓપરેશન મ્યુલ હંટ' અંતર્ગત ગોંડલ માર્કેટિંગ યાર્ડની પેઢીઓના બેંક ખાતાનો ઉપયોગ કરી આચરવામાં આવતા ૪૦૦ કરોડ રૂપિયાના દેશવ્યાપી સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પોલીસે છ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે હૈદરાબાદના મુખ્ય સૂત્રધાર આદિલ સહિત ચાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે. આરોપીઓ એગ્રીકલ્ચર પેઢીને મળતી ટેક્સ રાહતનો ગેરલાભ ઉઠાવી સરકારી એજન્સીઓની નજરથી બચવા માટે કરોડોના ટ્રાન્ઝેક્શન આ ખાતાઓ દ્વારા કરતા હતા.રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે, સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર મળેલી ૬૬ જેટલી ફરિયાદોના આધારે ટેકનિકલ તપાસ કરતા ગોંડલની 'જ્યોત એન્ટરપ્રાઇઝ' નામની પેઢી શંકાના દાયરામાં આવી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો કે જય નાંદપરા નામના યુવકે તેની પેઢીના ૬ ખાતાઓમાં દોઢ વર્ષમાં ૧૯૮ કરોડના વ્યવહારો કર્યા હતા. ઉપરાંત અન્ય આરોપી મનીષ કમાણીના ખાતામાંથી ૧૫૦ કરોડ અને પ્રવીણસિંહ પરમારના ખાતામાંથી ૩૩ કરોડના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આરોપીઓ મુખ્યત્વે યસ બેંક, એક્સિસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકમાં કરંટ એકાઉન્ટ ખોલાવતા હતા.એસપી વિજયસિંહ ગુર્જરે આ મોડસ ઓપરેન્ડી અંગે જણાવ્યું હતું કે, આરોપીઓ યસ બેંક, એક્સિસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકમાં કરંટ એકાઉન્ટ ખોલાવતા હતા. આરોપીઓ માર્કેટિંગ યાર્ડની પેઢીઓ સાથે પોતાના ખાતા લિંક કરાવી દેતા હતા. જેથી મોટા પ્રમાણમાં રોકડ ઉપાડ કરવા છતાં ટીડીએસ કપાય નહીં.

ટેક્સમાંથી મળતી આ મુક્તિને કારણે જંગી નાણાકીય વ્યવહારો તપાસ એજન્સીઓની નજરમાં આવતા નહોતા, જેનો ફાયદો ઉઠાવીને આ આખું સાયબર ફ્રોડનું નેટવર્ક ચલાવવામાં આવતું હતું.આરોપીઓ સાયબર ફ્રોડની રકમ પોતાના ખાતામાં મેળવી ૧ લાખ રૂપિયા દીઠ ૨૦૦થી ૪૦૦ રૂપિયાનું કમિશન લેતા હતા. કૌભાંડમાં સામેલ આંગડિયા પેઢીના બે કર્મચારીઓ મયૂરસિંહ વાઘેલા અને મહેન્દ્રસિંહ જાડેજા ફ્રોડની રકમ હોવાનું જાણવા છતાં રોકડ ઉપાડી અન્ય સ્થળે ટ્રાન્સફર કરી આપતા હતા. આ નેટવર્ક હૈદરાબાદનો આદિલ ઓપરેટ કરતો હતો અને નાણાં આંગડિયા કે બેંક મારફતે મુંબઈ અને હૈદરાબાદ મોકલવામાં આવતા હતા.પોલીસે અત્યાર સુધીમાં જય નાંદપરા, મનીષ કમાણી, પ્રવીણસિંહ પરમાર, મહેન્દ્રસિંહ જાડેજા, મયૂરસિંહ વાઘેલા અને મધ્યસ્થી ઋષિત રૈયાણીની ધરપકડ કરી છે. ગુજરાતની ૧૨ અને અન્ય ૧૧ રાજ્યોની ૧૦૩ મળી કુલ ૧૩૦ ફરિયાદોમાં આ ટોળકીની સંડોવણી ખુલી છે. ફરાર આરોપીઓ લાલાભાઈ ઝાલાવડિયા, હર્ષિલ શાહ અને ભરત પરમારને ઝડપી લેવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

કુદરતી આપત્તિ, યુદ્ધ, આતંક આવનાર ૧૦ દિવસ

Yoggi Astrology માં અંક ૧૭૧માં આપ સૌનું સ્વાગત છે. સૂર્ય-મંગળની યુતિ જેમ-જેમ આગળ વધશે તેમ-તેમ ઘણી જલીય ઘટના થતી જોવા મળશે. શનીવારેઈરાનમાં ભીષણ ધમાકો થયો, આ ઉપરાંત ફિલિપાઈન્સમાં હજારો ઘરો સળગીને ભસ્મ થયા. ઈટલીમાંઓલમ્પિક પહેલા ત્યાં ધમાલ શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાનમાં બલૂચિસ્તાન પાકિસ્તાન ઉપર ભારી પડી રહ્યું છે. પાકિસ્તાનમાં ગોળીબાર થઈ રહ્યો છે. પોર્ટુગલમાં ભારે વર્ષાથીજનજીવન અસ્તવ્યસ્ત થયું છે. ફિલિપાઈન્સ અને મલેશિયામાં પણ ભારે વરસાદથી જીવન અસ્તવ્યસ્ત થયું. ૨૦૨૬ની જાન્યુઆરી વિશ્વ માટે ઘણી પરેશાની દઈને ગયું. ફેબ્રુઆરીની શરૂઆત પણ આવી થઈ રહી છે. આજે ફેબ્રુઆરી ૯ થઈ છે. જેમ-જેમ સૂર્ય-મંગળ રાહુની પાસે જઈ રહ્યા છે. તેમ-તેમ ગન ઘટના, ધમાકા, આગ લાગવવાની ઘટના, ફેબ્રુઆરીમાં વરસાદથી નુકસાન, અતિશય ઠંડી, આવી ઘટના ક્રમ ઓછો થવાનું નામ લેતું જ નથી.

આપણે લેખમાં શની-નેપ્ચ્યુન ઉપર ધ્યાન કર્યું હતું. મીન રાશીમાંશની-નેપ્ચ્યુનઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં બંને ગ્રહો ૧૮ ફેબ્રઆરીના દિવસે લગભગ ૦૬ ડિગ્રી ઉપર આવશે. ૨૩ ફેબ્રુઆરીએ કુંભ રાશીમાં શુક્ર, સૂર્ય, રાહુ, બુધ, મંગળ પાંચ ગ્રહો ભેગા થશે. શનીના ઘરમાં આ બધા ગ્રહો તેની સામે સિંહ રાશીનાકેતુની દ્રષ્ટિ, મિથુનમાં ગુરુ વક્રી, આની સાથે અમાસનું ગ્રહણ, પૂનમનું ગ્રહણ, આમાં મારે શું લખવું અને શું ન લખવું વિચારમય બનશે.

હવા, પાણી, આગ, પૃથ્વી ઉપર ઘણી ઘટના બનશે. આનો અર્થ કુદરતી ઘટના, પ્લેન દુર્ઘટના, આગ, આતંકવાદ હુમલો, યુદ્ધ, આર્મી એક્શનમાં, ધરતીકંપ, સુનામી, લૂટફાટ, રાજકીય શોક, રાજકીય નેતાની હત્યા, પ્લેન ક્રેશથી રાજકીય નેતાનું મૃત્યુ, અમેરિકા, યુરોપ, કેનેડામાં ભયંકર મંદીનું વાતાવરણ, સ્ટોકમાર્કેટડાઉન, ઘરની કિંમતમાં ઘટાડો, ફરીથી સોના-ચાંદીમાં તેજી, ભારતમાં જમીનની કિંમતમાં વધારો.

શની-નેપ્ચ્યુનની યુતિ ફરીથી ૬ ડિગ્રી ઉપર થઈ આવી રહ્યા છે. આ સમય ઉપર બબલ તૂટશે, તેથી ઈકોનોમી તૂટશે. ડિજીટલ દુનિયામાં ભારે બદલાવ આવશે. સુપરપાવર દેશ તૂટશે. શની-નેપ્ચ્યુનની યુતિ ૩૬ વર્ષમાં એકવાર થાય છે. નેપ્ચ્યુન લગભગ બાર રાશીમાં પસાર થતાં ૧૬૦ વર્ષ લાગે છે. મીન રાશીમાંશની-નેપ્ચ્યુનથી પરિવર્તન ઘણું જોવા મળે છે. ૧૯૮૯માં **Berlin War**માં સોવિયેત યુનિયનનો અંત થયો હતો. તે દિવસે ધનુ રાશીમાંશની-નેપ્ચ્યુન ૧૬ ડિગ્રી ઉપર હતા. રશિયા માટે શની-નેપ્ચ્યુન ઘણો ફાયદાકારક રહ્યો છે. પુતીનનીકુંડલીમાંશની-નેપ્ચ્યુન કન્યા રાશીમાં છે. હાલ શની-નેપ્ચ્યુન મીન રાશીમાં હોવાથી રશિયામાં પરિવર્તન થતું જોવા મળશે. પુતીન ઉપર જીવલેણ હુમલો થાય અથવા તેની તબિયત બગડે. રશિયામાં કંઈ થવા જઈ રહ્યું છે. ઈકોનોમી બગડે વિશ્વમાં જેટલી સમાજવાદી પાર્ટી છે, તેના ઉપર અસર થતી દેખાશે. જ્યારે આ પાર્ટીની સ્થાપના થઈ હતી ત્યારે કુંભમાંશની-નેપ્ચ્યુનની યુતિ થઈ હતી. મીન રાશીમાંશની-નેપ્ચ્યુનની ૩૬ વર્ષ પહેલા હતી ત્યારે ચીનમાં પ્રોટેસ્ટ થયું હતું. હાલ તેવી ઘટનાનું પુનરાવર્તન થવાની કતાર ઊભું છે. આથી જિંગપીંગ માટે સારો સમય નથી. તાઈવાન સાથે નાનું યુદ્ધ બની શકે.

જલીય રાશી મીનમાંશની-નેપ્ચ્યુન હોવાથી પાણીની બોર્ડર ઘણી એક્ટીવ થતી જોવા મળે છે. પાણી ઉપર યુદ્ધ થાય, હાલ તેવા સંકેત અમેરિકા હિંદ મહાસાગરમાં ઈરાન વિરુદ્ધ યુદ્ધપોતમૂક્યું છે. પાણી ઉપર આગ લાગવી, જહાજ ડૂબી જવાની ઘટના, પાણીની અંદર ધરતીકંપ સુનામી જેવી ઘટના ઉત્પન્ન થાય. આ ઉપરાંત ગ્રહણ **Antartica**પૂર્ણ થવાનું છે. આથી આ પ્રદેશની આજુબાજુના દેશોમાં ધરતીકંપ ૯.૦ની તીવ્રતાવાળો આવશે. **Antartica**ઉપર ગ્રહણ થાય. અમુક ભાગ ઉપર થાય પરંતુ આ વખતે સંપૂર્ણ ત્યાં થશે. શની-નેપ્ચ્યુનથીકોમ્યુનિસ્ટમાં કોઈ ઘટના જોવા મળે. જે-તે દેશમાં વિદ્રોહ થાય અથવા કોઈ પડોશી દેશ સાથે હલચલમાં પ્રદેશ ઉપર કબજો કરે. ૧૯૫૧માં જ્યારે શની-નેપ્ચ્યુન યુતિ હતી ત્યારે ચીનેતિબેટનેપોતામાં લઈ લીધું હતું.

ઈન્ડિયન ઓશન, સાઉથ સી, પેસીફીકઓશન, સાઉથચાઈના સી, આ જગ્યા ઉપર કંઈ થશે. છૌષ્ઠિ ઝૈષ્ઠિઝ્ઝીની આસપાસ કેનેડા, અમેરિકા, ગ્રીનલેન્ડની આસપાસ નેગેટિવ થતું જોવા મળશે. અમેરિકા જેવી રીતે વેનેઝુલા ઉપર કબજો કર્યો તેવી રીતે બીજી જગ્યા ઉપર આવી એક્ટીવીટી કરશે.

આવનાર સમયે ઉપર ઓઈલ, ગેસ, પાણી, રીસોર્સ, અંડર સી કેબલ, ટ્રાન્સપૉર્ટેશનફ્રૂઝીસવગેર ઉપર પણ નેગેટિવ થતું જોવા મળશે. આ યુતિ ઉત્તરાભાદ્રપદામાં થાય છે. જે તેનો સ્વામી આહીર બુદ્ધનીયા છે જે શિવનું રૂપ છે. આથી તેની અસર સારી નથી. આ શની-નેપ્ચ્યુનયુતિથીસોનાનો ભાવ આસમાને જશે. **USD $10,000** ઉપર જશે. ભારતમાં ૬ લાખ રૂપિયા ૧૦ ગ્રામ થઈ જશે. ચાંદી ફરીથી ઉપર જશે. સ્ટોકમાર્કેટ માટે સારો સમય નથી. પરંતુ સ્ટોક માર્કેટમાં ડિફેન્સ શેર, મેટલ શેર, આલ્કોહોલનાશેરમાંરીર્ટન મળતું જોવા મળશે.

શની-નેપ્ચ્યુનનીયુતિથી ફરીથી નવો રોગ જોવા મળશે. ઉદાહરણ રૂપ સ્પેનીસફ્લુ ૧૯૧૮માં થયો ત્યારે પણ શની-નેપ્ચ્યુનની યુતિ કર્ક રાશીમાં હતી. હાલ મીન જલીયરાશીમાં છે. આથી ફરીથી પાણી થતાં રોગથી કોવિડ જેવું લોકડાઉન થતું જોવા મળશે. પરંતુ આ લોકડાઉન થોડા સમય પૂરતું રહેશે. આ યુતિથી મોટી-મોટી હસ્તીના નામ બહાર આવશે. જે હાલ તમે જોઈ રહ્યા છે.

મારા પાછલા અંકમાં લખ્યું હતું, ભારત માટે જુન સુધી સમય સારો નથી.

આ સમય દરમ્યાન ભારતમાં તથા બહાર બંને પ્રોબ્લેમ જોવા મળશે. આ સમય દરમ્યાન ભારત નાનું યુદ્ધ કરી નાંખશે. અત્યારે ગોચરમાં ગુરુ વક્રી તથા અતિચારી છે, આથી અમેરિકા ભારતની ટ્રેડ ડીલમાં રૂકાવટ આવશે પરંતુ ૧૧ માર્ચના રોજ ગુરુ માર્ગી થાય છે. ત્યારબાદ અમેરિકા તેની મજબૂરીમાં ડીલ કરવી પડશે. ભારતમાં વિપક્ષ દ્વારા ભ્રમ ફેલાવવાની ને અશાંતિ ઉત્પન્ન કરવાની કોશિશ થશે. ૨૩ ફેબ્રુઆરીએ ભારતની કુંડલીમાંદસમે મંગળ-સૂર્ય રાહુ થવાથીઅંગારયોગબતાવે છે. જે સત્તા ઉપર લાછણ લગાવવા માટે કોશિશ થશે. પરંતુ તેમાં નિષ્ફળ રહેશે. આમ આવનાર ૨૩ ફેબ્રુઆરી થી ૧૫ મે સુધી વિશ્વ માટે ઘાતક રહેશે.

પાકિસ્તાનના ટુકડામીડ ૨૦૨૬માં શરૂ થઈ જશે. જેમાં બલૂચિસ્તાન પહેલા છુટું પડી જશે. ૨૯ ફેબ્રુઆરીના રોજ કેતુ-સૂર્ય મંગળ રાહુ ઉપર જોશે ત્યારે ભયંકર યુદ્ધ થશે. પાકિસ્તાનનીકુંડલીમાંશનીબારમે છે, આથી પાકિસ્તાને ધરતી જતી કરવી પડશે. એપ્રિલ થી મે દરમ્યાન ગુરુ પુનર્વસુ નક્ષત્ર અને શનીઉત્તરભાદ્રપદા નક્ષત્રમાં હોવાથી નોર્થ, નોર્થઈસ્ટ, સાઈડ આતંકવાદી ઘટના બનતી જોવા મળશે. ભારત તથા વિશ્વ આ દિશામાં આતંકવાદી અથવા લોહી વહેતું જોવા મળશે.

Yoggi Astrologyની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા માટે મારો જરૂરથી સંપર્ક કરશો. યોગ્ય રેમીડીથી તમારા નડતાગ્રહોનું યોગ્ય નિવારણ કરી તમારી તકલીફ દૂર કરશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪

Yogesh Gandhi
Yoggi Astrology
77 Mission, Ridge TR,
Brampton, ON, Canada
+1-647-286-3734



ગોપાલ ઈટાલિયા આપમાં ઝાડુમારી ભાજપમાં જશે

અમરેલી, તા.૧૪

ગુજરાતના રાજકારણમાં ગરમાવો વધી રહ્યો છે, ખાસ કરીને આમ આદમી પાર્ટી **(AAP)**માં આંતરિક વિવાદ અને રાજીનામાના દોર વચ્ચે અમરેલી જિલ્લા કોંગ્રેસના નેતા પ્રતાપ દુધાતે આકરા પ્રહારો કર્યા છે. તેમણે આપમાંથી રાજુ કરપડાના રાજીનામા બાદ ઈશુદાન ગઢવી અને ગોપાલ ઈટાલિયાના ભવિષ્ય અંગે ચોંકાવનારા નિવેદનો આપ્યા છે. કોંગ્રેસના નેતા પ્રતાપ દુધાતે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર નિશાન સાધતા કહ્યું કે, ગોપાલ ઈટાલિયા આમ આદમી પાર્ટીને સંપૂર્ણપણે મુક્ત કરી, પોતે પણ ઝાડુ મારીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાના છે. જનતાએ હવે આ રાજકીય ખેલ સમજવાની જરૂર છે.

તાજેતરમાં આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપનારા ખેડૂત નેતા રાજુ કરપડાની સ્થિતિનો ઉલ્લેખ કરતા દુધાતે જણાવ્યું હતું કે, વિસાવદરની ચૂંટણી વખતે રાજુ કરપડા મોટા નિવેદનો આપતા હતા, આજે તેમની હાલત શું છે તે સૌ જોઈ રહ્યા છે. વર્તમાન રાજકીય પરિસ્થિતિ જોતા હવે ઈશુદાન ગઢવીના પણ આ જ હાલ થવાના છે.

ટૂંક સમયમાં ઈશુદાન ગઢવીનો રાજકીય ભોગ લેવાશે તેવી ભીતિ પણ તેમણે વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના જાણીતા અને ખેડૂત નેતા રાજુ કરપડાએ પક્ષમાંથી આપમાંથી રાજીનામું આપી દીધું હતું.

આદિવાસીઓના કુળદેવી છે માતા પાંડોરી

ગુજરાતનું એક માત્ર તીર્થ ધામ જ્યાં ભોગમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે

શિવરાત્રીએ શિવની પુજા થતી હોય છે પરંતુ નર્મદા જિલ્લાના દેવમોગરા ખાતે શિવ નહિ, પણ શક્તિની પૂજા થાય છે

નર્મદા, તા.૧૪

આમ તો શિવરાત્રીએ શિવની પુજા થતી હોય છે. પરંતુ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ દેવમોગરા ખાતે શિવ નહિ, પણ શક્તિની પૂજા થાય છે. અહીં પાંડોરી માતાના મેળામાં ગુજરાત સહિત અન્ય રાજયોમાંથી લાખો આદિવાસી શ્રદ્ધાળુઓ આવે છે અને બાધા આખળી પૂરી કરે છે. શિવરાત્રિ એટલે ભોળાનાથને રીઝવવાનો દિવસ. પણ અહી નર્મદા જિલ્લામા મહાશિવરાત્રિની રાત્રે શિવ નહીં પણ શક્તિની આરાધના સમો પાંડોરી માતાનો પાંચ દિવસનો મેળો ભરાય છે. ગુજરાતનું એક માત્ર તીર્થ ધામ, જ્યાં ભોગમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે. ગુજરાતમાં દારૂબંધી છે, અહીં રોક ટોક વગર ભક્તો દારૂનો ચઢાવો ચઢાવે છે. નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ દેવમોગરા ગામે પાંડુરી માતાજીનું મંદિર આવેલું છે. આ માતાજીને આદિવાસીઓના કુળ દેવી છે. મહા શિવરાત્રિએ અહીં ભવ્ય મેળો ભરાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી આદિવાસીઓ આવે છે અને કુળ દેવી પાંડોરી માતાને નમન કરે છે. બાધા આખળીપુરી કરે છે. દેવમોગરા ટ્રસ્ટના ઉપપ્રમુખ નાનસિહ વસાવાએ જણાવ્યું કે, ઇ.સ.પુર્વે સન ૧૦૮૫ મા અહીં સાગબારાના રાજવી પરિવાર દ્વારા આ મંદિર બનાવી પુજન કર્યા બાદ આજ સુધી રાજવી પરીવાર દ્વારા જ અહીં શિવરાત્રિએ પુજન કરાય છે. પરંતુ સન ૧૯૮૩થી વ્યવસ્થાના ભાગ રૂપે એક ટ્રસ્ટ બનાવાયુ છે. ભારતભરમા આઠ ટકા વસ્તી આદિવાસીઓની છે. તેમાંય ગુજરાતમા વસતા ૧૫ ટકા તથા ભારતભરના આદિવાસીઓની કુળદેવી માતા પાંડોરી હોવાથી પાંચ દિવસ ચાલનારા આ મેળામા આદીવાસીઓની સંખ્યા અગણીત હોય છે. અડગ શ્રધ્ધા ધરાવતા આદિવાસીઓ માને છે કે ચોમાસા પછી તરતજ આવતા આ મેળામા ધન ધાન્ય કે જે માનતા માની હોય તે ચીજ ચઢાવવાથી બારેમાસ સુખસમૃધ્ધી મળે છે અને તેને કારણે જ દૂરદૂરથી આદિવાસીઓ દર વર્ષે અહીં આવી માનતા પુરી કરે છે. નીત નવા વસ્ત્રોનો શૃંગાર કરી મેળો મહાલે છે. અનાદિકાળના પૌરાણીક જંગલમા ઋષિમુની સમા ઉભેલા વૃક્ષો વચ્ચે નીરવ શાંત વાતાવરણમા માતા પાંડોરી બિરાજમાન છે. આ પાંડોરી માતાને આદિવાસીઓ મેરાલી માતા, માતા યાહામોગી અથવા યાહા મોગરાઇ માતાના નામથી સંબોધે છે. વર્ષો અગાઉ આ મંદિર સામાન્ય વાંસના ખપેડામાંથી બનાવેલા મકાન જેવું હતું. આજે અહીં લાખોના ખર્ચે નેપાળનાપશુપતિનાથની પ્રતિકૃતિ સમાન મંદિર બનાવવામા આવ્યુ છે. દેવમોગરા પાંડોરી માતા આદિવાસી સમાજના કુળદેવી હોઈ જેમની આસ્થા અને શ્રદ્ધા અનેરી છે. આ સ્થાન પર માંગેલ માનતા પૂર્ણ થાય છે. ગુજરાતનું એક માત્ર તીર્થ ધામ જ્યાં ભોગમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે. ગુજરાતમાં દારૂબંધી છે, પણ અહીં રોક ટોક વગર ભક્તો દારૂનો ચઢાવો ચઢાવાય છે.

પાંડવોના સમયથી આ મંદિર અહીં પ્રચલિત છે. એવી લોકવાયકા પણ છે કે પાંડવોએ અહીં નિવાસ કરી આ માતાનુ પુજન શિવરાત્રએ કર્યૂ હતું અને તેથી જ આ માંપાંડોરી કહેવાય છે. ત્યારથી દર વર્ષ મહા શિવરાત્રીએ અહીં મેળો ભરાય છે. કહી શકાય કે જ્યાં આસ્થા અને શ્રદ્ધા હોઈ ત્યાં કોઈ પુરાવાની જરૂર હોતી નથી.

શિયાળાની સુંદર સવાર અને સોનામાં સુગંધ ભળે એવી ફૂલગુલાબી ઠંડી હોવાથી પથારી છોડવાનું મન આજે નહોતું થતું, પણ શિયાળામાં વહેલાં ઉઠી ચાલવા જવું પણ એક સુંદર લહાવો છે. એટલે મહામહેનતે પથારીનો ત્યાગ કરી સવારે હું ચાલવા નીકળ્યો. રસ્તામાં એક મિત્ર મળી ગયા. રોજની આદત મુજબ એમણે મને પૂછ્યું, 'કેમ છે મિત્ર?'

મેં કહ્યું બસ 'મોજે દરિયા'. સામાન્ય રીતે કેમ છે નો જવાબ 'મજામાં છું' એવો સાંભળવાથી ટેવાયેલા મારા મિત્ર આજે 'મોજે દરિયા' સાંભળી આશ્ચર્યચકિત થઈ મને પૂછવા લાગ્યા, 'મોજે દરિયા?' આ મોજ એટલે શું ? એ સમજાવાનું જરા કષ્ટ કરશો ? અને પછી મોજ વિશેનું મારું મંથન મેં એમની સમક્ષ રજૂ કર્યું.

મોજ એટલે ખાલી મજા નહીં પણ અંદરની મસ્તી. જે આપણને ગમે તેવી પરિસ્થિતિમાં પણ આનંદમાં રાખી શકે. જેવી મોજ પ્રકૃતિને હોય, જેવી મોજ પક્ષીઓને હોય. માણસોની મોજમાં અંતર હોય છે. કોઈને પોતાની મનગમતી વસ્તુ કે કામ મળવાથી આનંદ મળે છે, તો કોઈને મનગમતો સાથી મળવાથી આનંદ મળે છે. આ બધી મજા કહેવાય મોજ નહીં. મોજ તો અંદરનો આનંદ છે.

જે પક્ષીઓના કલરવમાં અને પ્રકૃતિના સાનિધ્યમાં મળતો હોય છે. એ આનંદ એટલે મોજ. જે માણસ કોઈપણ કામમાં પછી તે ગમતું હોય કે ન ગમતું હોય તો પણ આનંદથી કરે એને મોજ કહેવાય. સુખ હોય કે દુ:ખ હોય બધી પરિસ્થિતિમાં સંતુલન જાળવીને જે આનંદમાં રહે, એ આનંદ એટલે મોજ. મોજ એટલે જવાબદારીઓથી ભાગવું નહીં પણ હસતા મોંઢે જવાબદારી નિભાવી, દરેક ગમતા કે ન ગમતા કામમાં ભેદ રાખ્યા વિના આનંદથી કરવાની કળા. જે કામ કરવાનું છે એ તો આપણે કરવાનું જ છે, તો એનો કંટાળો રાખ્યા વિના આનંદથી કરવામાં આવે તો જ આપણે મોજથી જીવી શકીએ.

આ દુનિયામાં બધું આપણી ઈચ્છા પ્રમાણે ચાલતું નથી. જે પરિસ્થિતિ આવી પડી હોય, એ પ્રમાણે પોતાની જાતને ગોઠવતાં શીખી, આનંદમાં જીવવાનું નામ જ મોજ છે. અત્યારે લોકોમાં માનસિક તાણ (સ્ટ્રેસ)નું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. આ માનસિક તાણનું કારણ જવાબદારીઓ અને કામનો વધુ પડતો બોજ છે. આવા માનસિક તાણ ભર્યા જનજીવનમાં કામ અને જવાબદારીનો બોજ મન પર ન રાખી, દરેક કામ હળવાશથી લઈ, આનંદથી, મોજથી કરવામાં આવે તો જીવનની ઘણી મુશ્કેલીઓ ઓછી થઈ જાય. એટલે સ્ટ્રેસ છોડી મસ્ત રહો, સ્વસ્થ રહો, જબરદસ્ત રહો અને મોજમાં જીવો મારા વાલા.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

08-02-2026_05 Jan Fariyad_New_P-2